રજુ તારીખ ૦૪/૦૪/૨૦૧૧
દાખલ તારીખ ૦૪/૦૪/૨૦૧૧
ફેંસલ તારીખ ૧૬/૦૩/૨૦૨૬
સમયગાળો વર્ષ:૧૪ માસ:૧૧ દિન:૧૨

**નામદાર મજુર અદાલત નં.૩, સુરતના એકસ ઓફીસીઓ કમિશ્નર ફોર ધી વ. કો. એકટ,**

**શ્રી કે. જી. પટેલ સાહેબ સમક્ષ.**

**વ.કો. પરચુરણ રીકવરી અરજી નં.૩/૨૦૧૧**
**આંક :**

**અરજદાર :** **(૧) શારદાબેન નારણભાઈ રાઠવા**
**(૨) નીરુબેન નારણભાઈ રાઠવા**
**(૩) સરલાબેન નારણભાઈ રાઠવા**
**(૪) કુમુદબેન નારણભાઈ રાઠવા**
તમામનું સરનામું : બોરવાણી, તા.નસવાડી, જિ.વડોદરા

**વિરૂધ્ધ**

**સામાવાળા :** **પાલવ સિન્થેટીકસ પ્રા.લી.**
ઠે.મુ.પીપોદરા, તાલુકો. માંગરોળ, જી.સુરત

**હાજર રહયા:-**
અરજદારો તરફે :- વિ.વ.શ્રી જે.બી.જરીવાલા
સામાવાળા તરફે :- ગેરહાજર.

**-:: હુકમ ::-**

(૧) આ કામના અરજદારે સામાવાળા વિરૂધ્ધ ધી વર્કમેન કોમ્પેનસેશન એકટની કલમ-૩૧ હેઠળ હાલની અરજી કરી જણાવેલ છે કે, મર્હૂમ નારણભાઈ ગંભીરભાઈ રાઠવા અરજદાર નં.૧ ના પતિ થતા હતા અને અરજદાર નં.૨ થી ૪ ના પિતા થતા હતા. તેઓ સામાવાળા સંસ્થામાં નોકરી ઉપર હતા તે દરમ્યાન તેઓને ઈલેકટ્રીક કરંટ લાગેલ અને તેઓ સ્થળ ઉપર જ મૃત્યુ પામેલ. જેથી અરજદારોએ અકસ્માત અંગે વળતર મેળવવા માટે વર્કમેન કોમ્પનસેશન કમિશ્નર સમક્ષ વર્કમેન કોમ્પનસેશન (ફેટલ) અરજી નંબર.૨/૯૪ ની દાખલ કરેલ જે અરજી ઉપર નામદાર કોર્ટે તા.૩૧/૧૧/૨૦૧૦ ના રોજ હુકમ કરેલ અને સામાવાળાને ફરમાન કરેલ કે,

હુકમ મળ્યાની તારીખ થી દિન–૩૦માં સામાવાળાએ મર્હૂમનાં મૃત્યુ બદલ વળતરની રકમ રૂા.૮૦,૬૬૪/– અરજી દાખલ કર્યાની તા.૦૬/૦૧/૧૯૯૪ થી ૬% ના વ્યાજ સહિત અરજદારોને ચુકવી આપવા તેમજ અરજીના ખર્ચ પેટે રૂા.૨૦૦૦/– પણ અરજદારોને ચુકવી આપવાનો હુકમ કરેલ અને વધુમાં સામાવાળાને રૂા.૪૦,૩૩૨/– ની પેનલ્ટીની રકમ અરજદારોને ચુકવી આપવા હુકમ કરેલ અને તેવી તમામ રકમ વર્કમેન કોમ્પેનસેશન કમિશ્નરની કોર્ટમાં જમા કરાવવા હુકમ કરેલ. વધુમાં નામદાર વર્કમેન કોમ્પેનસેશન કમીશનર સાહેબ તરફથી કરવામાં આવેલ હુકમની નકલ નામદાર કોર્ટ તરફથી સામાવાળાને બજાવવામાં આવેલ છે, જેનો રેકોર્ડ નામદાર કોર્ટમાં રજુ છે અને અરજદારોએ પણ નામદાર કોર્ટ તરફથી કરવામાં આવેલ હુકમ મુજબના વળતરની રકમ તેના વ્યાજ, પેનલ્ટી તથા ખર્ચ સહિત તેઓને ચુકવી આપવા બાબત અથવા તો વર્કમેન કોમ્પનસેશન કમિશ્નર સાહેબની કોર્ટમાં જમા કરાવવા બાબતની નોટિસ સામાવાળાને તા.૧૫/૦૨/૨૦૧૧ ના રોજની આપેલ, જે રજીસ્ટર્ડ એ.ડી. તથા યુ.પી.સી થી મોકલવામાં આવેલ. યુ.પી.સી.થી મોકલેલ નોટિસ સામાવાળાને મળી ગયેલ જયારે, રજીસ્ટર્ડ એ.ડી.થી મોકલેલ નોટીસ સામાવાળા સંસ્થાએ જાણી જોઈને લીધેલ નથી. આમ, સામાવાળા સંસ્થાને હુકમની જાણ થઈ ગઈ હોવા છતાં સામાવાળાએ મુદ્દત દરમ્યાન હુકમ મુજબની રકમ નામદાર કોર્ટમાં જમા કરાવેલ નથી કે અરજદારોને ચુકવી આપેલ નથી. જેથી અરજદારોની નામદાર કમિશ્નર સાહેબે ફરમાવ્યા મુજબ નીચે મુજબની રકમ સામાવાળા પાસેથી લેણી થાય છે.

| | |
|---|---|
| ૧. અકસ્માત મૃત્યુ બદલ વળતરની રકમ | રૂા.૮૦,૬૬૪/– |
| ૨. અરજી કર્યાની તા.૦૬/૦૧/૧૯૯૪ થી આજદિન સુધીના વળતરની રકમ ઉપર ૬% ના વ્યાજની રકમ | રૂા.૮૨,૬૮૦/– |
| ૩. પેનલ્ટીની રકમ | રૂા.૪૦,૩૩૨/– |
| ૪. ખર્ચની રકમ | રૂા.૨,૦૦૦/– |
| **કુલ રકમ** | **રૂા.૨,૦૫,૬૭૬/–** |

આમ, આ મુજબની લેણી રકમ સામાવાળાએ નામદાર કોર્ટમાં જમા કરાવેલ ન હોવાથી વર્કમેન કોમ્પનસેશન એકટની કલમ–૩૧ મુજબ રકમ સામાવાળા પાસેથી વસુલ મેળવવા માટે કાયદેસરના પગલા ભરવા દાદ માંગેલ છે.

(૨) આ કામે સામાવાળાનો જવાબનો હકક આંક–૧૫ લગત હુકમ કરી તા.૧૧/૮/૨૦૧૬ ના રોજ બંધ કરવામાં આવેલ છે.

(૩) આ કામે અરજદારની અરજીને જ તેઓનો પુરાવાનો એક ભાગ ગણી લેવા આંક–૧૯ થી અરજી આપતા અમારા પુરોગામી કમિશ્નરશ્રીએ તા.૧૩/૧૨/૨૦૧૯ ના રોજ જે અરજી મંજુર કરેલ છે.

(૪) આ કામે સામાવાળા તરફે કોઈ હાજર રહેલ ન હોઈ સામાવાળાનો પુરાવાનો હકક આંક–૧ લગત હુકમ કરી તા.૧૩/૦૧/૨૦૨૦ના રોજ બંધ કરવામાં આવેલ છે.

(૫) આ કામે અરજદાર તરફે આંક–૨૨ અને આંક–૨૫ થી લેખિત દલીલ રજુ કરી સામાવાળા વિરુધ્ધ રકમ વસુલ મેળવવા અંગેનું રીકવરી સર્ટીફીકેટ કાઢી આપવા અરજ ગુજારેલ છે.

(૬) આ કામે સામાવાળાની દલીલનો હકક આંક–૧ લગત હુકમ કરી બંધ કરવામાં આવેલ છે.

(૭) સદર કામનું રેકર્ડ, અરજદાર તરફેની દલીલો તેમજ કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લેતાં આ કામના ન્યાય–નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**:: મુદ્દાઓ ::**

૧. શું અરજદારો વર્કમેન કોમ્પનસેશન એકટની કલમ–૩૧ મુજબ અરજીમાં જણાવ્યા મુજબની રકમ સામાવાળા પાસેથી વસુલ મેળવવા હકકદાર થાય છે ?

૨. શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાઓના નિર્ણયો નીચે મુજબ છે.

૧. અંશતઃહકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

(૯) ઉપરોકત મુદ્દાઓના નિર્ણયોના મારા કારણો નીચે મુજબ છે.

**:: કારણો ::**

**(૧૦) <u>મુદ્દા નં.૧</u> :–**

આ કામના અરજદારોએ હાલની અરજી વર્કમેન કોમ્પનસેશન એકટની કલમ–૩૧ મુજબ સામાવાળા પાસેથી અરજીમાં જણાવ્યા મુજબની રકમ વસુલ મેળવવા માટે કરેલ હોઈ વર્કમેન કોમ્પનસેશન એકટની કલમ–૩૧ અત્રે નોંધવી જરૂરી જણાય છે જે નીચે મુજબ છે.

SEC. 31 : RECOVERY : The Commissioner may recover as an arrer of landrevenue any amount payable by any person under this Act, whether under an agrgeement for the payment of complensation or otherwise, and the commissioner shall be deemed to be public officer within the meaning of section 5 of the Revenue Recovery Act, 1890 (1 of 1890)

આ કામનું રેકર્ડ વંચાણે લેતાં હાલના અરજદારોએ સામાવાળાઓ વિરૂધ્ધ વર્કમેન કોમ્પનસેશન એકટ અન્વય વ.કો. ફેટલ અરજી નં.ર/૧૯૯૪ કરેલ, જેમાં તા.૩૦/૧૧/ર૦૧૦ ના રોજ સામાવાળા વિરૂધ્ધ વળતરની ચુકવણી કરવાનો હુકમ થયેલ, જે હુકમની નકલ આ કામે રજુ કરેલ છે. તેમજ હાલની અરજી સાથે મુળ કામ પણ સામેલ રાખેલ હોય જે ઘ્યાને લેતાં એકસ ઓફીસીયો કમિશ્નર ફોર ધી વ.કો.એકટ, લેબર કોર્ટ સુરતનાઓ ઘ્વારા આંક–પ૬ થી તા.૩૦/૧૧/ર૦૧૦ ના રોજ હુકમ પસાર કરવામાં આવેલ છે, જે હુકમ ઘ્યાને લેતાં જેમાં ''આ કામના સામાવાળા પાલવ સીન્થેટીક પ્રા.લી.ને આથી આદેશ કરવામાં આવે છે કે, હુકમ મળ્યેથી દિન–૩૦માં મર્હુમના અકસ્માત વળતર પેટેની રકમ રૂા.૮૦,૬૬૪/– (અંકે રૂપિયા એંશી હજાર છસો ચોસઠ પુરા) અરજદારને હાલની અરજી દાખલ કર્યા તારીખથી ૬% વ્યાજ સહિત ચુકવી આપવા અત્રેની અદાલતમાં હુકમ મળેથી દિન–૩૦માં જમા કરાવવા તેમજ વધુમાં વળતરની રકમના પ૦% લેખે પેનલ્ટીની રકમ રૂા.૪૦,૩૩ર/–(અંકે રૂપિયા ચાલીસ હજાર ત્રણસો બત્રીસ પુરા) પણ અરજદારને ચુકવી આપવા અત્રેની અદાલતમાં સમયમર્યાદામાં જમા કરાવવી તેમજ વધુમાં હાલની અરજી ખર્ચના રૂા.ર૦૦૦/–(અંકે રૂપિયા બે હજાર પુરા) પણ અરજદારને ચુકવી આપવા અત્રેની અદાલતમાં જમા કરાવવાનો આથી આદેશ કરવામાં આવેલ છે.'' તેવો હુકમ કરવામાં આવેલ છે. વ.કો. ફેટલ અ.નં.ર/૧૯૯૪ નું રેકર્ડ વંચાણે લેતાં સદરહુ હુકમની નકલની બજવણી સામાવાળાને થયેલ છે તેમ છતાં અરજદારોના કથન મુજબ સામાવાળા સંસ્થાને હુકમની જાણ થઈ ગયેલ હોવા છતાં સામાવાળાએ મુદૃત દરમ્યાન હુકમ મુજબની રકમ નામદાર કોર્ટમાં જમા કરાવેલ નથી કે અરજદારોને ચુકવી આપેલ નથી. આમ, સામાવાળાએ વ.કો. ફેટલ અ.નં.ર/૧૯૯૪ ના હુકમનું પાલન કરેલ ન હોય અરજદારે

હાલની વસુલાત અરજી કરેલ છે. આ અરજી કર્યા બાદ પણ સામાવાળાને ધોરણસરની નોટીસની બજવણી કરવામાં આવેલ છે તેમ છતાં સામાવાળા હાજર થયેલ નથી અને સામાવાળાને પુરતી તકો આપવા છતાં હાજર થઈ અરજદારોએ અરજીમાં જણાવેલ હકકીતોને તેમજ વ.કો.ફેટલ અરજી નં.૨/૧૯૯૪ના કામે થયેલ હુકમને નામદાર હાઈકોર્ટ સમક્ષ પડકારેલ હોય તે સંદર્ભેની કોઈ હકીકત રેકર્ડ ઉપર લાવેલ હોય તેવું રેકર્ડ જોતાં જણાતું નથી. તેમજ આ કામે આંક–૧ લગત ''સદર વર્કમેન ફેટલ અરજી નં.૨/૯૪ના કામે તા.૩૦/૧૧/૨૦૧૦ના રોજ થયેલ હુકમ સામે કોઈ અપીલ–રીવીઝન થયેલ છે કે નહીં તેમજ સદર હુકમ ઉપલી કોર્ટમાં પડકારેલ છે કે નહીં તે બાબતે સીનીયર કલાર્ક, ઓફીસ રજીસ્ટ્રીનાએ જરૂરી શેરો કરવો.'' તેવો હુકમ કરવામાં આવતા આંક–૧ની અરજી લગત સીનીયર કલાર્ક, મજુર અદાલત, સુરતનાઓએ ''વ.કો.ફેટલ અરજી નં.૨/૯૪ના કામે તા.૩૦/૧૧/૨૦૧૦ નારોજ થયેલ હુકમ સામે કોઈ અપીલ–રીવીઝન નથી તથા સદર હુકમને ઉપલી અદાલતમાં પડકારેલ નથી કે પડતર નથી કે તે બાબતની કોઈ નોટીસ મળેલ નથી, જે અત્રેની કચેરીના અપીલ રજીસ્ટર તથા રીટ રજીસ્ટર તપાસતા માલૂમ પડેલ છે.'' તે મતલબનો શેરો કરેલ છે. તે સંજોગોમાં વ.કો.ફેટલ અરજી નં.૨/૧૯૯૪ના કામે તા.૩૦/૧૧/૨૦૧૦ નારોજ આંક–૫૬ થી પસાર કરવામાં આવેલ હુકમ ફાઈનલ ગણી શકાય. રેકર્ડ જોતાં અરજદારોએ સદર કામે અરજીના સમર્થનમાં સોગંદ પર જુબાની રજુ કરેલ નથી, પરંતુ આ કામે અરજદારો તરફે આંક–૧૯ થી અરજદારની અરજીને જ અરજદારના પુરાવાનો એક ભાગ ગણી લેવા અરજી આપતા જે મંજુર કરવામાં આવેલ હોવાનું રેકર્ડ જોતાં જણાય છે. તે સંજોગોમાં અરજદારો ધ્વારા હાલની અરજી વ.કો.ફેટલ અરજી નં.૨/૧૯૯૪ના કામે આંક–૫૬ થી તા.૩૦/૧૧/૨૦૧૦ના રોજ પસાર કરવામાં આવેલ હુકમની અમલવારી માટે કરેલ હોય અને તે હુકમ મુજબની રકમ મેળવવા અરજદારો હકકદાર હોય જેથી અરજદારો તરફે અરજીના સમર્થનમાં સોગંદ ઉપર જુબાની રજુ કરેલ ન હોય તે કારણોસર અરજદારોની અરજી નામંજુર કરવી ન્યાયોચિત જણાતું નથી.

આમ, સદરહુ કામના સામાવાળા ધ્વારા વ.કો. ફેટલ અરજી નં.૨/૧૯૯૪ ના હુકમ ઉપર કોઈ અપીલ, રીવીઝન કે રીવ્યુ દાખલ કરેલ નથી જેથી સદર ચુકાદો(એવોર્ડ) અમલી અને અસરકારક બનતો હોવાનું તેમજ સામાવાળાએ આજદીન સુધી સદર હુકમનું પાલન કે અમલ

કરેલ નથી કે હુકમ મુજબની રકમ ચુકવેલ નહીં હોવાનું અરજદારોએ તેઓની અરજીમાં જણાવેલ છે. સામાવાળાએ પણ આ કામે હાજર રહીને તે અરજી અન્વયે તે મુજબની રકમ ચુકવી આપેલ હોઈ અથવા તો અત્રેની કોર્ટમાં રકમ જમા કરાવેલ હોઈ કે તે મુળ કેસના હુકમ સામે કોઈ અપીલ કરેલ હોઈ કે નામ.ઉચ્ચ અદાલતના હુકમ અન્વયે અગાઉનો હુકમ સ્થગીત કરાવેલ હોઈ તેવી કોઈ જ રજુઆત કરેલ નથી. ત્યારે અરજદારના પક્ષ નિવેદન ઉપરથી વ.કો. ફેટલ અરજી નં.ર/૧૯૯૪ ના કામમાં જે હુકમ પસાર થયેલા છે તે અનુસંધાને હાલના કામના જે સામાવાળા છે તેમની સામે જે હુકમ થયેલ છે તે મુજબની રકમ મેળવવા અરજદારો હકકદાર બને છે. આ કામે અરજદારોએ તેઓની અરજીમાં અકસ્માત મૃત્યુ બદલ વળતરની રકમ રૂા.૮૦,૬૬૪/- , અરજી કર્યાની તારીખ ૬-૧-૧૯૯૪ થી આજદીન સુધીના વળતરની રકમ ઉપર ૬% ના વ્યાજની રકમ રૂા.૮ર,૬૮૦/-, પેનલ્ટીની રકમ રૂા.૪૦,૩૩ર/- તેમજ ખર્ચની રકમ રૂા.ર,૦૦૦/- તેમ મળી કુલ રૂા.ર,૦પ,૬૭૬/- ની માંગણી કરેલ છે. તે સંજોગોમાં અરજદારો વ.કો. ફેટલ અરજી નં.ર/૧૯૯૪ ના કામમાં થયેલ હુકમ મુજબ અરજીમાં જણાવ્યા મુજબની રકમ રૂા.ર,૦પ,૬૭૬/- (અંકે રૂપિયા બે લાખ પાંચ હજાર છસો છોતેર પુરા) સામાવાળા પાસેથી મેળવવા હકકદાર થાય છે, પરંતુ અરજદારો તરફે વ.કો.ફેટલ અરજી નં.ર/૧૯૯૪ના કામે થયેલ હુકમ સામાવાળા તરફે નામદાર હાઈકોર્ટ સમક્ષ પડકારેલ છે કે કેમ? તે સંદર્ભેની કોઈ હકીકત જણાવેલ ન હોઈ શરતોને આધીન હુકમ કરવો ન્યાયોચિત જણાતું હોય **મુદ્દા નં.૧** નો નિર્ણય **અંશત:હકારમાં** ઠરાવી મુદ્દા નં.ર પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: આખરી હુકમ ::**

**(૧)** અરજદારની વ.કો.પરચુરણ અરજી નં.૩/ર૦૧૧ આથી અંશત: મંજુર કરવામાં આવે છે.

**(ર)** વ.કો.(ફેટલ) અ.નં.ર/૧૯૯૪ ના કામમાં તા.૩૦/૧૧/ર૦૧૦ નારોજ પસાર થયેલ હુકમ અનુસંધાને અરજીમાં જણાવ્યા મુજબની રકમ રૂા.રૂા.ર,૦પ,૬૭૬/-(અંકે રૂપિયા બે લાખ પાંચ હજાર છસો છોતેર પુરા) રેવન્યુ રાહે વસુલ મેળવવા સામાવાળા વિરૂઘ્ધ કલેકટરશ્રી, સુરતનાને રીકવરી સર્ટીફીકેટ નીચેની શરતોને આધિન કાઢવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) હાલની અરજી સામાવાળાની કસુરના કારણે કરવી પડેલ હોઈ અરજી ખર્ચના રૂા.૫૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) સામાવાળાએ અરજદારને અલગથી ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

**//શરતો//**

**૧.** અરજદારોએ નામદાર હાઈકોર્ટ દ્વારા વ.કો. ફેટલ અરજી નં.૨/૧૯૯૪ના કામે આંક-૫૬ થી તા.૩૦/૧૧/૨૦૧૦ ના રોજ પસાર કરેલ હુકમ સામે કોઈ મનાઈહુકમ આપેલ નથી તેમજ નામ. ગુજરાત હાઈકોર્ટની કોઈ રીટ, હુકમ કે કોઈ નોટિસ અરજદારોને મળેલ છે કે કેમ? તે સંદર્ભેની કોઈ હકીકત તેના જાણમાં આવેલ છે કેમ તે અંગેનું સોગંદનામું રજુ કરવુ.

**૨.** જો ઉપરોકત સોગંદનામામાં નામદાર હાઈકોર્ટનો કોઈ મનાઈ હુકમ ન હોવાનું કે નોટિસ મળેલ ન હોવાનું જાહેર કરવામાં આવે તો ઉપરોકત હુકમમાં જણાવ્યા મુજબનું સામાવાળા સામે રીકવરી સર્ટીફીકેટ કાઢી આપવું.

હુકમ આજરોજ તારીખ-૧૬મી માહે-માર્ચ સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૧૬/૦૩/૨૦૨૬
સ્થળ : સુરત.

(કૃષ્ણકાંત ગોવિંદભાઈ પટેલ)
એકસ ઓફીસીઓ કમિશ્નર,
ફોર ધી એ.કો.એકટ,
મજુર અદાલત નં.૩, સુરત.
Code No. GJ01285